॥ संघात् सखायते सन्धि॥

ISSN : 0970 - 5244

RAJA RAMMOHUN ROY LIBRARY FOUNDATION

# ગ્રંથાલોક

MINISTRY OF CULTURE • GOVERNMENT OF INDIA • संस्कृति मंत्रालय • भारत सरकार

તંત્રી : શ્રી પંકજભાઈ એમ. બાવિશી

વર્ષ : ૪૭ અંક - ૩ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનું ત્રિમાસિક સંપર્ક પત્ર જુલાઈ થી સપ્ટેમ્બર - ૨૦૨૫

## આગામી તા. ૦૯,૧૦,૧૧ જાન્યુઆરી - ૨૦૨૬, માધાપર ભૂજ સેમિનારની વિગત દર્શાવતો અંક

મેરા દીલ હી દાદા તેરા મંદિર બન જાયે જબ સાંસ લુ મેં, તબ તેરા એહસાસ હો જાયે.



ફોન : પંકજભાઈ એમ. બાવિશી (પ્રમુખ) : ૬૩૫૧૪૦૫૭૨૭
નવલસિંહભાઈ કે. વાઘેલા : (ઉપપ્રમુખ) ૯૮૨૫૮૩૬૧૩૬ કિરીટભાઈ બી. ગંધકવાલા (મંત્રી) : ૯૮૭૯૯ ૫૩૯૬૬
હિમાંશુભાઈ પાંધી (ખજાનચી) મો. ૯૪૨૭૨૦૭૫૬૫

ખૂબજ અગત્યનું ☞ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘની નવી વેબ સાઈડ અને ઈ.મેલ

☞ Websie : www.gujaratgranthalayasevasangh.in

☞ Email : gujaratgranthalayasevasangh@gmail.com

વધુ માહિતી માટે ☞ હિમાંશુભાઈ પાંધીનો સંપર્ક કરવો મો. ૯૪૨૭૨૦૭૫૬૫

પ્રકાશક : પ્રમુખ, પંકજભાઈ બાવિશી, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫ - મનીષ સોસાયટી, સુંદરનગર પાસે, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩. (ગુજરાત)
(મોબાઈલ - ૬૩૫૧૪૦૫૭૨૭)

# ગૂજરાત વિદ્યાપીઠનાં એક દિવસીય પરિસંવાદની તસ્વીરો


કાર્યક્રમનું સંચાલન કરતા ડૉ. નિખીલભાઈ ગોહેલ



જગદીશભાઈ તથા ગાયત્રીબહેન પ્રાર્થનાના સુર રેલાવી રહ્યા છે.


ડૉ. રંજનબહેન મકવાણા સર્વનું શાબ્દિક સ્વાગત કરે છે.


ડૉ. પ્રદીપ પટેલ પરિસંવાદ વિશે માહિતી આપી રહ્યા છે.


ડૉ. જયરામભાઈ દેસાઈ વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન આપે છે.


ડૉ. મયંકભાઈ ત્રિવેદી વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન આપે છે.


ડૉ. શૈલેષભાઈ યાજ્ઞિક વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન આપે છે.


ડૉ. બિપિનભાઈ મોદી વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન આપે છે.


ડૉ. વિરલ આસજોલા હૃદયપૂર્વક પધારેલા સૌનો આભાર માને છે.



ગૂજરાત વિદ્યાપીઠમાં યોજાયેલ એક દિવસીય ગ્રંથાલય પરિસંવાદમાં સમગ્ર રાજયમાંથી હાજર રહેલા પ્રતિનિધિ ભાઈઓ અને બહેનો


ગ્રંથાલય ગૂજરાત વિદ્યાપીઠ ની ટીમ


નિયામકશ્રી ગ્રંથાલયની કચેરી ગાંધીનગરની ટીમ

## ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ આયોજિત

**રાજા રામમોહન રૉય લાઈબ્રેરી ફાઉન્ડેશન - કોલકાતા અને ગ્રંથાલય ખાતુ ગાંધીનગરના સહયોગથી ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૧૧મો રાષ્ટ્રીય અને ૪૧મો રાજ્ય કક્ષાનો**

## ગ્રંથાલય સેમિનાર

——: આયોજક :——

**ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ,**
**શ્રી નવચેતન અંધજન મંડળ - માધાપર અને ભૂજ જિલ્લા ગ્રંથપાલ મંડળ - ભૂજ**

**પરિસંવાદ સ્થળ**

શ્રી માધાપર જખ બૌતેરા સંઘ સંચાલિત જખ મંદિર અતિથિગૃહ - માધાપર
તા. ભૂજ (કચ્છ) ફોન :- ૦૨૮૩૨-૨૪૦૯૮૧, મો. ૮૧૪૧૨૧૧૮૪૭
સુશ્રી ભારતીબહેન ચાવડા મો. ૯૭૩૭૭૦૫૨૭૦

આ અંકના મધ્યભાગમાં મુકવામાં આવેલ
ફોર્મ તથા ફી સાથે
લેખો મોકલવાની
છેલ્લી તારીખ :
૩૦મી નવેમ્બર - ૨૦૨૫

સંસ્થાને જરૂર લાગશે તો લેખકને
લેખ સ્વીકારાયાની કે ફેરફાર
અંગેની જાણ
તારીખ : ૧૫મી ડિસેમ્બર,
૨૦૨૫ પહેલાં કરાશે.

યોગ્ય રકમ સાથે પરિસંવાદમાં આવવાની જાણ કરતું
ફોર્મ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના મંત્રીને
મોકલવાની છેલ્લી તારીખ : ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫


## Gujarat Granthalaya Seva Sangh

C/o. Pankaj M. Bavishi
5, Manish Society, Nr. Sundarnagar,
Ankur Road, Naranpura, Ahmedabad-380 013.
(M) 6351405727 Email : gujaratgranthalayasevasangh@gmail.com
Websie : www.gujaratgranthalayasevasangh.in
Public Trust Registration No. E-3172 dt. 20-12-1977

## ૪૧મો ત્રિદિવસીય ગ્રંથાલય સેમિનાર

**ગ્રંથાલય સેવા સંઘના પ્રિય મિત્રો,**

શ્રી નવચેતન અંધજન મંડળ અને ભૂજ-કચ્છ જિલ્લા ગ્રંથપાલ મંડળના આમંત્રણને સ્વીકારી, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, આયોજિત ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૧૧મો રાષ્ટ્રીય અને ૪૧મો રાજ્યકક્ષાનો ત્રિદિવસીય ગ્રંથાલય સેમિનાર માધાપર મુકામે રાજા રામમોહન રૉય લાઈબ્રેરી ફાઉન્ડેશન-કોલકાતા અને ગ્રંથાલય ખાતુ, ગાંધીનગરના સહયોગથી તા. ૦૯ જાન્યુઆરી, ૧૦ જાન્યુઆરી, ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ અને શુક્રવાર, શનિવાર, રવિવાર ના દિવસોએ યોજવાનું નકકી કરવામાં આવ્યું છે.

### (ક) પરિસંવાદના સ્થળે આવવા અંગેની માહિતી

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના આ ગ્રંથાલય સેમિનારના ઉત્તમ આયોજન માટે આપ સૌના હાર્દિક સહકારની અપેક્ષા છે. કોઈપણ પ્રતિનિધિને તકલીફ ન પડે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. માધાપર આવવા માટે ગુજરાતના દરેક જિલ્લામાંથી ભૂજની ટ્રેન આવે છે. એસ.ટી.બસ અને પ્રાયવેટ બસ પણ મળે છે. સેમિનારનું સ્થળ માધાપર શહેરની અંદર મુખ્ય માર્ગ ઉપર છે. રીક્ષાઓ પણ ઘણી મળે છે. રીક્ષા સોલજરીમા કરી આવી શકાય છે. **માધાપર ભૂજની બાજુમાંજ આવેલું છે.**

માધાપર વિષે ગ્રંથપાલ મિત્રોને માહિતી આપવી એ દિવો લઈને પ્રકાશ શોધવા જેવી વાત કહેવાય. ગ્રંથપાલ એટલે 'ઈન્ફર્મેશન ઑફિસર' માટે તેની પાસે સર્વ જાણકારી હોય જ. તેમ છતાં અત્રે માહિતી આપવી ઉચિત ગણાશે.

## માધાપર : જખ્ખદાદાનું સુપ્રસિદ્ધ મંદિર - ભૂજના ચક્ષદેવ

ભૂજ-કચ્છ ખાતે આપણો ચોથો સેમિનાર છે. આ પહેલા ૧૯૯૦, ૧૯૯૭, ૨૦૧૩માં ત્રિદિવસીય ગ્રંથાલય સેમિનાર કરેલા છે. પાલિતાણામાં ગત સેમિનાર વખતે માધાપર અને સેલવાસ એમ બે આમંત્રણ મળેલા. સ્થળ તપાસ બાદ માધાપરની પસંદગી કરવામાં આવેલ છે. જેમા શ્રી નવચેતન અંધજન મંડળ માધાપર આ સેમિનારની વ્યવસ્થામાં સાથ-સહકાર આપનાર છે. સને ૧૯૭૬માં બાબુભાઈ બાબવાણીના માર્ગદર્શન હેઠળ લાલજીભાઈ પ્રજાપતિએ આ સત્તકાર્યનું બીડું ઉઠાવ્યુ. તે સમયે વવાયેલ બીજ આજે વટવૃક્ષ બની ગયેલ છે. ૧૯૭૯માં ભચાઉ વૃધ્ધાશ્રમ, ૧૯૮૦માં જ્ઞાનજ્યોત બ્રેલ પુસ્તકાલય, ૧૯૯૭માં દિવ્યાંગ કન્યાકુંજ, ૧૯૯૮માં સંમિલિત શિક્ષણ યોજના, ૨૦૦૧માં દિવ્યાંગ વિદ્યાવિહાર સંકુલ, ૨૦૦૪માં સંમિલિત પ્રાથમિક શાળા, આઈ.ટી.સી./ડી.આર.સી., ૨૦૦૯માં સંમિલિત કન્યા પ્રાથમિક શાળા, ૨૦૧૮માં લાકડિયા સંકુલ, ૨૦૧૯માં માનસિક શક્તિ સંવર્ધન કેન્દ્ર, બ્રેલ પ્રેસ, ફિઝીયોથેરોપી સેન્ટર, ઓડિયૉ રેકોડિંગ યુનિટ, વગેરે કાર્યરત છે. ૨૦૦૩માં રાષ્ટ્રપતિના હસ્તે પારિતોષિક, ૨૦૦૩માં રાજયપાલના હસ્તે પારિતોષિક, ૨૦૦૫માં મુખ્યમંત્રીના હસ્તે પારિતોષિક, ૨૦૦૯માં કેન્દ્રિય માહિતી કમિશનર હસ્તે પારિતોષિક, ૨૦૧૪માં રાજયસભાના સભ્યના હસ્તે પારિતોષિક, ૨૦૧૭માં હોન્ડાના ડાયરેક્ટર દ્વારા પારિતોષિક મળેલ છે. આપણાં આ સેમિનારમાં હિમાંશુભાઈ સોમપુરા અને ભારતીબહેન ચાવડા સક્રિય ભૂમિકામાં છે.

## જખ્ખદાદા (યક્ષદેવ)ની કથા : જુલમને ડામવા કચ્છમાં તેમનું આગમન થયેલું છે.

પૂરાણ કથામાં આવે છે, તે મુજબ નાદ બ્રહ્મરૂપે સૌ પ્રથમ ત્રણ અક્ષરો દ દ દ એવો નાદ આકાશમાં થયેલો. અક્ષરોનું અર્થઘટન દેવ, દાનવ અને મનુષ્યોએ અનુક્રમે દયા, દમન અને દાન એવો કર્યો હતો.

બૌતેર યક્ષોને દેવ ગણવામાં આવે છે. કારણ કે તેમણે દમન વિરુદ્ધ દયાનો માર્ગ લીધો. કચડાયેલાં લોકોનું પુનરુત્થાન કર્યુ. સર્વ વિદિત છે તે મુજબ, આવી રીતે દમન કરનાર પદ્ધરગઢનો રાજવી જામ પુંઅરો હતો અને કચડાયેલી પ્રજા હતી મહદ અંશે સંઘાર જાતિ દમનના કારણો પણ ક્ષુલ્લક હતા.

નિઃસંતાન એવા આ રાજવીને સંતાન માટે આશીર્વાદનો ઈન્કાર કરનાર બોગઠી નદીને કિનારે તપ કરતાં તપસ્વી ઋષિઓને કારાગૃહમાં ધકેલી દીધા. આ ઋષિઓ સંધાર જાતિનાં પૂજનીય હતાં. એમને છોડાવવા સંધાર જાતિના લોકોએ રાજવીને વિનંતી કરી. જેનો અસ્વીકાર થતાં તેમણે બળવાનો માર્ગ લીધો, આથી તેમને પણ કારાગૃહમાં ધકેલી દેવામાં આવ્યા એટલું જ નહિ પણ તેમના પર દમનનો કોરડો વિંઝવાનું શરૂ કરવામાં આવ્યું. કાંસાની ધાણી બનાવી તપસ્વી ઋષિઓ દ્વારા બળદની જેમ ચલાવવા આગ્રહ કરી તેમના જ સેવક સંધારોને તેમાં તેલની જેમ પીલવા, બળદની જેમ નાકમાં નથો ભરાવી પાણીના ગાડામાં જોતરવા તેમના પર ચાબુક પ્રહારો કરવા, આવા સંતાપથી નિર્દોષ પ્રજા તથા નિર્દોષ તપસ્વીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા.

આવા કપરા સમયે આ ક્રુર રાજવીના દયાવાન હજામને દયા આવી. તેણે ભીખુ ઋષિ નામના એક ઋષિને પોતાનો પોષાક પહેરાવી તેની જગ્યાએ ધાણીમાં જોડાઈ મુક્ત કર્યા. મુક્ત થયેલા, ગોઠણ સુધી લોહી લુહાણ થયેલા આ ઋષિ લાખાડી નામની ટેકરી પર ચડી ગયા ને બંને કાનોમાં આંગળા ભરાવી પોતાના ઉદ્ધારક એવા ભોલાનાથ શંકરને આરાધ્યા, આતંનાદ કર્યો, આતંનાદથી ભોલાનાથે બૌતેર જ્યોતિરૂપ યક્ષદેવોને છોડ્યાં.

આ બૌતેર યક્ષદેવોનું કચ્છમાં સૌ પ્રથમ જખૌ બંદર નજીક પ્રાગટય થયું. જે પરથી આ બંદરનું નામ જખૌ પડ્યું. બૌતેર યક્ષદેવોને કચ્છી લોકો જખ્ખદેવ કહે છે. આ અપભ્રંશ થયેલો શબ્દ છે.

આ બૌતેર યક્ષદેવો, વીર ધીર શિસ્તબદ્ધ યોદ્ધાઓની સેના સ્વરૂપે પદ્ધરગઢ તરફ જ પ્રયાણ કર્યું. બરાબર પદ્ધરની સામે જ કકડભીટ નામની ટેકરી પર મુકામ કર્યો. આ ટેકરીનું નામ કકડભટ્ટ એટલા માટે પડ્યું કે, બૌતેર યક્ષદેવોમાં કકડ નામે એક બાણવાળી યોદ્ધા હતા, તેમણે જ બાણ દ્વારા જામ પૂંઅરાના મહેલના સ્નાનાગારની શિલ્લાનો ધ્વંશ કરેલો, આ સમયે જામ પુંઅરો સ્નાન કરવા કુંડમાં પડ્યો હતો. ઉપરથી શિલા પડતાં તેના નીચે દબાયેલા ક્રુર રાજવીનું રિબાઈને મૃત્યુ થયું આમ જુલ્મ સિતમનો અંત આવ્યો.

બૌતેર યક્ષદેવોનું આ માનવીય કાર્ય ઈતિહાસના પાને આલેખાયેલા છે. આજે પણ કકડ ભટની ટેકરી પર તેમનું આ સ્થાન શ્વેત ધ્વજા ફર-ફરાવતું અજર અમર છે. સામે લાખાડી ડુંગર પર ‘ભીખ્ખુ પર’ ના હુલામણા નામે પંકાયેલ ભીખ્ખુઋષિ જે આ બૌતેર યક્ષદેવોને પ્રગટ થવામાં નિમિત્ત બન્યા હતા. તેમનું સ્થાન પણ ડુંગરની ટોચે ગરવી વાતો લઈ ગાજે છે. યાત્રાના દિવસે પ્રથમ તેમની યાત્રા ચડે છે. ત્યારબાદ યક્ષદેવોને યાત્રા ચડે છે. જેમ કે ‘સ્વામીસે સેવક બડો જો નિજ ધર્મ સ્વમાન.’

વળી યક્ષદેવો આપણે આગળ જોયું તેમ દેવાધિદેવ મહાદેવના ગણોના સ્વરૂપે હતાં. તેમની આ પ્રથમ ઉત્પત્તિ સતીજીના પિતા દક્ષ પ્રજાપતિના યજ્ઞનું વિધ્વંસ કરવા થયેલી.

યક્ષદેવોએ લંકાની સુવર્ણનગરીમાં વાસ કરેલો. આ નગરી પણ પ્રથમ કુબેર ભંડારી દ્વારા નિર્મિત થયેલી. કુબેર ભંડારીની રાજધાની હતી. પણ રાવણનું પાત્ર પણ અભિમાન માટે સુવિખ્યાત છે. આ કાર્ય યક્ષદેવો દ્વારા ન થયું કારણ કે રાવણ શિવ ભક્ત હતો અને યક્ષદેવો શિવના ગણો હતા વળી આ કાર્ય મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ એટલે વિષ્ણુના કાર્યક્ષેત્રમાં આવતું હતું. તેમના હાથે જ રાવણનો સંહાર અને લંકાનું પુનરૂથ્થાન નિર્માણ થયેલું હતું.

આથી કુબેર ભંડારી તેમજ યક્ષદેવોએ વિગ્રહ ટાળી, સરળ ઉપાયરૂપે નવી રાજધાની મેરૂ પર્વત ઉપર અલકાપુરીમાં સ્થાપી ત્યાં નિવાસ કર્યો આમ ફલિત થાય છે કે જ્યાં જ્યાં અધર્મ, અકલ્યાણ અભિમાન છે. ત્યાં ત્યાં યક્ષદેવો નથી, તેઓ તો ધર્મ, કલ્યાણ ભક્તિ અને શ્રદ્ધામાં વાસ કરે છે. ઉપરોક્ત કથાઓનો રામાયણ, શિવપુરાણામાં ઉલ્લેખ છે. તદ્ઉપરાંત શ્રીગીતાજીમાં વિભૂતિ યોગમાં યક્ષોને ભગવાને નિજ નિવૃતિ સ્વરૂપે ઓળખાવી છે. બૌતેર યક્ષદેવોમાં સાતમાં યક્ષ જે સાંયરી નામે હતાં તેમણે પુંઆરાના વિગ્રહ વખતે સ્ત્રીરૂપ લીધું હોવાથી તેમનું નામ સાંયરી પડ્યું. એમના સન્માનમાં કકડભટ્ટ (યક્ષ)ની બાજુમાં એક ગામ વસેલ જેનું નામ સાંયરા પડ્યું.

આમને પછીથી જોગમાયા સ્વરૂપે પુજવામાં આવે છે. ગલાંગા નુખના સંઘારો તેમના કુળદેવી માને છે. આ સાંયરી માતાજીનું મંદિર ગુંદીયાલી મધ્યે આવેલું છે. બૌતેર યક્ષદેવોને એમનાં શ્રદ્ધાળું ભક્તો, ભાવિકો, લોકવાણી ભજન ઈત્યાદિમાં 'રૂમ સુમ જો રાજિયા' કહે છે આનું કારણ એ છે કે, દેવાધિદેવ મહાદેવની જટામાંથી પ્રગટ થયા છે. વાળને સંસ્કૃતમાં 'રોમ' કહેવામાં આવે છે આથી આમ બોલાય છે. કચ્છમાં કકડભીટ્ટ યક્ષદેવોનું તિર્થ ક્ષેત્ર છે. આ સ્થાને ભાદરવા મહિનામાં પૂર્ણિમાની આસપાસ સોમવારને આવરી લઈ રવિ, સોમ, મંગળ એમ ત્રણ દિવસ મેળો ભરાય છે. આવા અને નાના-મોટા થડા સ્થાનો મંદિરો સમગ્ર કચ્છમાં તથા સૌરાષ્ટ્રમાં જ્યાં મુખ્યત્વે સંઘાર જાતિનો નિવાસ છે. ત્યાં આવેલ છે.

કચ્છી જૈન શ્રદ્ધાપૂર્વક યક્ષદેવોને પુજે છે તેથી તેમણે પણ અનેક સ્થાનો બનાવ્યાં છે. પટેલ ખેડૂતોએ પણ યક્ષદેવોના સ્થાનકો બનાવ્યાં છે. આમ પોતાના શ્રધ્ધેય દેવોની યાદી સર્વત્ર રાખી છે.

કચ્છી જૈનો પોતાના દુકાનો, આવાસોમાં બૌતેર યક્ષની છબીઓ રાખે છે. ઘણાં જૈન પરિવારો તથા દવે બ્રાહ્મણો અન્ય જેમની વડિલોપાર્જિત માન્યતા છે. તેઓ પોતાના વ્હાલ-સોયા બાળકોનાં મુંડન યક્ષદેવના સ્થાનકે કરે છે. ઘણાં પુત્ર-પુત્રવધૂના છેડા-છેડી યશ્રદેવના સ્થાનકે છોડાવે છે. આમ પુરાણ કાળથી આજ પર્યત યક્ષદેવો સૌનાં વંદનીય આરાધ્ય દેવ રહ્યા છે, અને રહેશે.

આપણે સૌ આપણા વ્યવસાયમાં નિપુણતા મેળવતા રહીએ એટલે કે, નવા જમાનામાં નવી ટેક્નૉલૉજીથી અપડેટ થઈ આપણાં ગ્રંથાલયોમાં તેનો અમલ કરી આપણા ગ્રંથાલયોનો ઉપયોગ કરવા આપણા જિજ્ઞાસુઓની અપેક્ષા પૂર્ણ કરી શકીએ તો આપણા સૌનું વ્યવસાયિક જીવન સાર્થક થયું કહેવાય. આ સેમિનારમાં હાજરી આપી કશુંક તો લઈને જવાનું છે. પેલી કહેવત પ્રમાણે ''પાદળો ઉપડે તો થોડીક ધૂળ લઈને જ ઉપડે'' તો ચાલો ઐતિહાસિક પ્રાચીન નગરીમાં નૈસર્ગિક વાતાવરણ અનુભવતા-માણતા સેમિનારમાં હાજરી આપી ઓતપ્રેત થઈ જઈએ.

**(ખ) પરિસંવાદના વિષયો :**

ગુજરાતના ગ્રંથાલય સેવા સંઘ દ્વારા આયોજિત આગામી પરિસંવાદના વિષય પસંદગી માટે તજજ્ઞોની બેઠકમાં સાંપ્રત સમયને ધ્યાનમાં રાખી સઘન ચર્ચા-વિચારણાને અંતે મુખ્ય વિષય તરીકે નીચે દર્શાવેલ વિષયોની પસંદગી કરવામાં આવી છે. આજના ૨૧મી સદીના સંદર્ભમાં ગ્રંથાલય વ્યવસાયિકો પાસે કૌશલ્યો અને પડકારો ઝીલવાની ક્ષમતાઓ કેટલી છે તે ચકાસવાનો સમય પાકી ગયો છે. એ હેતુથી પરિસંવાદના મુખ્ય વિષય (MAIN THEME) તરીકે પસંદ કરવામાં આવ્યો છે. સદરહુ વિષય જણાવ્યા મુજબના ચાર પેટા વિભાગોમાં વિભાજિત કરેલ છે.

જણાવેલ ચાર વિષયોમાંથી પસંદગી કરીને કોઈ એક વિષય ઉપર પોતાનો લેખ રજૂ કરવાનો રહેશે. પસંદ કરેલા વિષયમાં પણ વિષય વ્યાપ અત્યંત વિશાળ હોવાથી આપની પસંદગીના એકાદ મહત્વના મુદ્દા પર પણ અભ્યાસપૂર્ણ લેખ તૈયાર કરી શકાય.

---

## મુખ્ય વિષય (MAIN THEME)

**ગ્રંથાલયોની પુનઃ કલ્પના અને પુનઃ રચનાઃ વૈશ્વિક શિક્ષણના સક્રિય કેન્દ્રો**

**RE-IMAGING AND TRANSTORMING LIBRARIES :**
**Activa Learning hubs for global education**

**૧ સક્ષમ અને ભવિષ્યલક્ષી ગ્રંથાલય પ્રણાલીઓ**
**Sustainable and Future Library Practicies**

1.1 અધિકૃત માહિતી સ્ત્રોતો
Authentic Information Sources

1.2 ગ્રંથાલયોમાં નવીન ટેક્નોલોજીનો વિનિયોગ
Inplimentation of new Technology in Libraries.

1.3 ડિજીટલ સ્ત્રોતોની જાળવણી
Conservation of Digital Sources

1.4 ડિજીટલ ગ્રંથાલયોમાં માહિતીની પુનઃપ્રાપ્તિ
Information Retrieval in Digital Libraries

1.5 ડિજીટલ માહિતી સ્ત્રોતો અને બૌધિક સંપદા અધિકાર
Digital Informotion Sources and Intellectual Property Right

**૨ નૂતન પરિપ્રેક્ષમાં ગ્રંથાલય સૂચનાઓ**
**Library Models in New Perspectives**

2.1 ૪.૦ ગ્રંથાલય કલ્પના
4.0 Imaging Library

2.2 ડિજીટલ ઉપકરણો, માહિતી સ્ત્રોતો અને સેવાઓ
Digital Tools, Information Sources and Services

2.3 સહભાગીતા અને સહયોગ
Partnership and Collaboration

**૩ ગ્રંથાલયો : સામાજીક – સાંસ્કૃતિક સંપત્તિના આધારસ્તંભો**
**Libraries : Pillars of Socio - Culfural Capital**

3.1 ભાવિ પેઢી માટે સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ અને જાળવણી
Preservation and Conservation of Social - cultural heritage for future Generation

3.2 ગતિશીલ ગ્રંથાલય વિશ્વ અને ગ્રંથાલય શિક્ષણ
Dyanamic Library World and Library Education

3.3 પરિવર્તનશીલ નેતૃત્વ
Transtormative Leadership

3.4 આધાર સામગ્રીની ગોપનિયતા અને નીતિમત્તા.
Data Privacy and Elhics,

**૪ માહિતી ટેકનોલોજી અને સાર્વજનિક ગ્રંથાલયો**
**Information Technology and Public Libraries**

4.1 માહિતી ટેકનોલોજીનો અમલ : સમસ્યાઓ અને સમાધાન
Implimentation of Information Technology Problems and Solutions.

4.2 માહિતી ટેકનોલોજી અંગે ગ્રંથપાલોનું કૌશલ્ય
Skills of Librarians regarding Information Technology

4.3 અસરકારક ગ્રંથાલય સેવાઓ અને માહિતી ટેકનોલોજી
Effective Library Services and Information Technology

4.4 વાચન ટેવ અને માહિતી ટેકનોલોજી
Reading Habit and Information Technology

## "બુક ઑફ પેપર્સ"માં લેખ છાપવા માટેની ખાસ સુચના

આગામી માધાપર ખાતેના સેમિનાર માટે જે લેખક/લેખકો લેખ લખવાના છે તેમને ખાસ વિનંતી કે તેમના લેખની સોફ્ટકોપી (Wordની ફાઈલ) E-mail :- kusum.publisher@gmail.com ઉપર મોકલશો. તથા આપના તાજેતરના પાસપોર્ટ સાઈઝના કલર ફોટાની JPG ફાઈલ પણ ઈ-મેઈલમાં મોકલવી. સી.ડી. કે ડી.વી.ડી.માં લેખ મોકલવો નહી, જેની ખાસ નોંધ લેશો. આ લેખની હાર્ડ કોપી સંઘના ઉપપ્રમુખશ્રી નવલસિંહ વાઘેલાને તેમના ઘરના સરનામા ઉપર મોકલવી.

આમ મૂળ થીમને કેન્દ્રમાં રાખી દરેક પેટા મુદ્દા વિષયક આધારભૂત માહિતી સાથેના સ્વતંત્ર લેખો તૈયાર કરી તા. ૩૦ મી નવેમ્બર, ૨૦૨૫ સુધીમાં મોકલી આપવા ખાસ વિનંતી છે.

**(ગ) લેખો તૈયાર કરવા અને ગ્રંથાલય પરિસંવાદમાં રજિસ્ટર કરવા અંગે લેખકો માટે જરૂરી માહિતીઃ**

(૧) નક્કી કરેલા વિષયોમાંથી કોઈ પણ વિષય/વિષયો ઉપર, આપેલ સૂચના પ્રમાણે લેખ/લેખો તૈયાર કરીને ત્રણ નકલમાં, સારસંક્ષેપ સાથે નક્કી કરેલી ફીની રકમ એટપાર ચેક/ડીડીથી તથા લેખકો માટેનું ફોર્મ ભરીને તારીખ ૩૦ નવેમ્બર, ૨૦૨૫ પહેલા ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખને મોકલી આપશો. તે પછી આવેલા લેખો સ્વાકારીશે નહીં, લેખ/લેખો ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષામાં લખી શકાશે.

(૨) લેખની અંદર વ્યવહારમાં ઉપયોગી થાય તેવા સૂચનોની ચર્ચા કરવી.

(૩) લેખ એ-૪ સાઇઝમાં ડબલ સ્પેસમાં ટાઇપ કરેલો હોવો જરૂરી છે. હાથે લખેલા લેખ કે ફુલસ્કેપ સાઇઝના કાગળમાં ટાઇપ કરેલા લેખો સ્વીકારશે નહીં.

(૪) લેખને, વાળીને મોકલવો નહીં. એ-૪ સાઇઝનો પેપર આવે તેવા કવરમાં લેખને મોકલવો.

(૫) લેખ વધુમાં વધુ ૩૦૦૦ (ત્રણ હજાર) શબ્દોમાં તૈયાર કરવો. એથી ઓછું લખાણ હશે તો તે ચાલશે. લેખમાં સામાન્ય અને બિનજરૂરી માહિતી જણાવવાની જરૂર નથી.

(૬એ) ટાઈપીંગ અંગે ખાસ સૂચના : લેખ એ-૪ સાઇઝના કાગળમાં ઉપર નીચે એક-એક ઈંચનો અને ડાબી બાજુએ બે ઈંચનો અને જમણી બાજુએ એક ઈંચનો હાંસિયો રાખીને ડબલ સ્પેસમાં ટાઇપ કરાવવો. ફોન્ટ સાઇઝ : ટાઇટલ માટે ૧૪ અને અંદરની મેટર માટે ૧૨ની સાઇઝના ફોન્ટનો ઉપયોગ કરવો.

(૬બી) લેખ જો ગુજરાતીમાં હોય તો કમ્પ્યુટર પર ટાઈપ કરાવી તેના ફોન્ટ ઈ-મેઈલ સાથે મોકલવા. લેખ બને ત્યાં સુધી **બી ભારતી ગોપીકા ટુ** માં મોકલવા ખાસ વિનંતી.

(૭) લેખકે/લેખકોએ પોતાના લેખનો સાર સંક્ષેપ તથા તેમના નામ, સંસ્થાનું નામ, ઘરનું સરનામું, મોબાઇલ નં., ઇ-મેઇલ તથા જન્મ તારીખ વગેરે ફક્ત પ્રથમ પેજ ઉપર લખવું. અન્ય પેજ ઉપર તેમનું/ના નામ ન લખવું/વા. તથા માત્ર ફક્ત શીર્ષક જ લખવા વિનંતી છે. સાર ૨૦૦ શબ્દોની મર્યાદામાં લખવો સાથે આપનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો પાછળ નામ લખી મોકલવો.

(૮) યોગ્ય ગુણવત્તા યુક્ત લેખો તૈયાર થાય અને પ્રસિદ્ધ થાય તે માટે લેખ લખવા માટે ઉપયોગમાં લીધેલ સાહિત્ય સામગ્રીના સંદર્ભોની પૂર્ણ વિગતો આપવી અને લેખમાં તેનો જ્યાં ઉપયોગ કર્યો હોય ત્યાં અનુક્રમ નંબર આપીને ઉલ્લેખ કરવો અત્યંત જરૂરી છે. એકલા સંદર્ભોની યાદી આપવી નહીં, તેનો કોઈ જ અર્થ રહેતો નથી. લેખ લખવા માટે બીજાના લખાણમાંથી સંદર્ભ આપ્યા સિવાય, ઉતારા કરવા નહીં આની જાણ થશે તો લેખકનું નામ તથા સરનામું હવેથી જાહેર કરવામાં આવશે. સાહિત્ય ચોરી ના કરશો. મૌલિક લખાણ લખવા પ્રયત્ન કરશો.

(૯) સામાન્ય સભામાં નક્કી કર્યા મુજબ લેખ સાથે દરેક લેખક દીઠ રૂપિયા ૫૦૦/- મોકલવાના રહેશે. પરિસંવાદમાં લેખ રજૂ થયે રૂપિયા ૩૦૦/- (અંકે રૂપિયા ત્રણસો) પરત કરવામાં આવશે. લેખ રજૂ કરતી વખતે લેખના સર્વ લેખકોએ પરિસંવાદમાં રજિસ્ટ્રેશન કરાવવું તથા હાજર રહેવું ફરજિયાત છે. ગેરહાજર રહેનાર લેખક/કોને કોઈ પણ રકમ પરત મળશે. નહીં કે પ્રમાણપત્ર પણ મળશે નહીં.

(૧૦) વિદ્યાર્થીઓ, નિવૃત્ત ગ્રંથપાલો, સરકારી અનુદાન લેતા સાર્વજનિક ગ્રંથાલયોના ગ્રંથપાલોએ લખેલા લેખો સાથે કોઈ પણ રકમ મોકલવાની નથી પરંતુ નિવૃત્તો સિવાયના લેખક/કોએ જે તે સંસ્થાનું પ્રમાણપત્ર લાવવું જરૂરી છે. અન્ય લેખકોએ રૂા. ૫૦૦/- લેખક દીઠ મોકલવાના છે.

(૧૧) જેઓ પરિસંવાદ સમયે લેખ લખીને લાવશે તેઓએ રૂપિયા ૨૦૦/- લેખક દીઠ ભરવાના રહેશે. આ રકમ પરત મળશે નહીં. લેખ યોગ્ય લાગશે અને સમય હશે તો જ તે રજૂ કરવાની મંજૂરી આપવામાં આવશે. પરિસંવાદ સ્થળે લેખ લાવનારનો લેખ ‘બુક ઑફ પેપર્સ’માં છપાશે નહિ.

(૧૨) ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના બી. લિબ અને એમ. લિબના વિદ્યાર્થીઓને વિનંતી કે તેઓ તેમના લેખો માટે તેમના અધ્યાપકો કે ડિપાર્ટમેન્ટના વડાનું માર્ગદર્શક મેળવે અને સંસ્થાના વડા દ્વારા ફોર્વર્ડિંગલેટર સાથે જ લેખ વગેરે મોકલે. વિદ્યાર્થીઓએ પણ લેખની ત્રણ નકલો, સારસંક્ષેપ અને અત્રે ઉપર આપેલી સૂચનાઓ પ્રમાણે મોકલવાની રહેશે.

**(ઘ) લેખ પુરસ્કાર :**

**ભાવનગરની બાર્ટન લાઈબ્રેરીના પ્રાણસમા ગ્રંથપાલ સ્વ. મુરબ્બીશ્રી ઈન્દુભાઈ બુચની યાદગીરીનું સ્મરણ કરતાં અને કરાવતા તેમના સુપુત્રી બહેનશ્રી ઉષાબહેન બુચના સૌજન્યથી કાયમી ઈનામ આપવામાં આવશે.**

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘે નક્કી કર્યા મુજબ તારીખ ૩૦ નવેમ્બર, ૨૦૨૫ સુધીમાં આવેલા લેખોમાંથી નીચે જણાવેલા પ્રકારમાંથી ઉત્તમ લેખોને પ્રમાણપત્ર અને પુરસ્કાર આપવામાં આવશે. આ માટે લેખકે/લેખકોએ પરિસંવાદમાં લેખ રજૂ કરવો જરૂરી છે.

(૧) ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના બી.બિલ અને એમ.લિબના વિદ્યાર્થીઓ દ્વારા લખાયેલા લેખોમાંથી પસંદ કરેલા ઉત્તમ લેખને. પ્રથમ અને બીજા ક્રમાંકે આવતા લેખકને.

(૨) ગ્રંથાલયમાં કે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનું શિક્ષણ આપતા ૪૦ વર્ષથી નીચેના ગ્રંથપાલો કે શિક્ષકો દ્વારા લખાયેલા લેખોમાંથી પસંદ કરેલા ઉત્તમ લેખને. પ્રથમ અને બીજા ક્રમાંકે આવતા લેખકને

(૩) ગ્રંથાલયમાં કે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનું શિક્ષણ આપતા ૪૦ વર્ષથી ઉપરના ગ્રંથપાલો કે શિક્ષકો દ્વારા લખાયેલા લેખોમાંથી પસંદ કરેલા ઉત્તમ લેખને. પ્રથમ અને બીજા ક્રમાંકે આવતા લેખકને

(૪) નિવૃત્ત ગ્રંથપાલો કે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના નિવૃત શિક્ષકો દ્વારા લખાયેલા લેખોના લેખકને જો તે લેખ રજૂ કરશે તો તેઓ સર્વને યોગ્ય રીતે પુરસ્કૃત કરવામાં આવશે.

લેખકની ઉપરોક્ત ચાર કક્ષાઓમાંથી કક્ષા નક્કી કરવા માટે લેખક/લેખકોની **જન્મ તારીખ લખવી અતિ આવશ્યક છે. વધુમાં માત્ર વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી શબ્દ લખવો.**

**ખાસ નોંધ :** લેખના પ્રકાશન માટે કે ફેરફાર અંગેનો કે ફક્ત સારસંક્ષેપ જ છાપવા અંગેનો સંપાદન સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

**પ્રતિનિધિએ આ ફોર્મ તા. ૧૫-૧૨-૨૦૨૫**
**પહેલા સંપૂર્ણ વિગતો ભરીને ડીડી/એટ પાર ચેક સાથે મોકલવા વિનંતી**
**ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૧૧મો રાષ્ટ્રીય અને ૪૧મો ગ્રંથાલય પરિસંવાદ, માધાપર**
**તા. ૦૯ જાન્યુઆરી, ૧૦ જાન્યુઆરી, ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ અને શુક્રવાર, શનિવાર, રવિવાર**

| |
|---|
| **આ ફોર્મની ઝેરોક્ષ કરી તે ભરીને મોકલવવું.** |

પ્રતિ,
**શ્રી પંકજ બાવિશી**
**પ્રમુખ, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ**
**(આ ફોર્મ મંત્રીશ્રી કિરીટભાઈ ગંધકવાળાને**
**તેમના સરનામા પર જ મોકલવું)**
**ભાઈશ્રી,**
હું ૧૧મો રાષ્ટ્રીય અને ૪૧મો ગ્રંથાલય પરિસંવાદમાં માધાપર મુકામે હાજરી આપીશ.
મારી વિગત નીચે મુજબ છે.

(૧) પ્રતિનિધિનું નામ : (અટક પહેલા લખવી)
______________________________

(૨) પૂરું સરનામું : ______________________________
______________________________
______________________________પીન ______________

ફોન નં. STD Code સાથે (રહે.) ______________ (મો.) ______________

(૩) હોદ્દો ______________

(૪) સંસ્થાનું નામ અને સરનામું : ______________________________
______________________________

ફોન નં. સાથે (ઓ.)

(૫) ઇ-મેઇલ આઈડી ______________________________

(૬) લાગુ પડે ત્યાં યોગ્ય ટીક માર્ક કરો :

- હું સાર્વજનિક ગ્રંથાલય સરકારી અનુદાન મેળવતા ગ્રંથાલયમાં કામ કરું છું. ☐
- હું વિદ્યાર્થી છું. ☐ • હું નિવૃત્ત છું. ☐ • હું અધ્યાપક છું. ☐
- હું સંઘનો આજીવન સભ્ય નથી તેથી સંઘની વાર્ષિક સભ્ય ફી રૂા. ૨૦૦/- અથવા આજીવન સભ્ય ફી રૂા. ૧૫૦૦/- પ્રતિનિધિ ફી ની રકમ સાથે ઉમેરીને કુલ રકમ મોકલાવેલ છે.

આ સાથે ડીડી/એટ પાર ચેકથી રૂા. ______________ મોકલ્યા છે. વિગતો ડીડી/ચેક પાછળ લખી છે.

સ્થળ :

તારીખ :      /      /૨૦૨૫          લી.______________________(સહી)

**નોંધ :- સેમિનારમાં ભાગ લેનાર કે લેખ લખનાર સંઘના સભ્ય હોવા ફરજિયાત છે.**

(૧) આપનો ચેક (એટપારનો) અથવા ડી.ડી. આ ફોર્મ સાથે નીચેના સરનામે મોકલવો.
(૨) કો-ઓપરેટિવ બેંકનો ચેક મોકલવો નહીં.
(૩) બેંક બેલેન્સ સિવાયનો ચેક પણ મોકલવો નહીં.

ગંધકવાલા કિરીટકુમાર બચુભાઈ (મંત્રી)
૫, પ્રણામ એપાર્ટમેન્ટ, મોઢ ચાંપાનેર સોસાયટી,
પોસ્ટ ઑફીસ પાછળ, ઉસ્માનપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ - ૩૮૦૦૧૩. મો. ૯૮૭૯૯૫૩૯૬૬

આ ફોર્મની ઝેરોક્ષ કરી તે ભરીને મોકલવું.

ભાઈશ્રી, મેં નીચે મુજબનો ડીડી/એટ પાર બેંકનો ચેક નં. ______________

તા. ______________ / ______________ બેંક ______________

ગામ ______________ શાખા ______________

રૂપિયા ______________ નો બીડ્યો છે.

ચેક પાછળ મારું નામ, સ્થળ અને મોબાઇલ નંબર લખ્યો છે.

| | |
|---|---|
| ૧. ભોજન, રહેઠાણ અને ડેલીગેટ ફી વગેરેના | ₹ ૧૦૦૦ |
| ૨. નિવૃત ગ્રંથપાલ અને ગ્રાન્ટલેતા સાર્વજનિક ગ્રંથાલયના ગ્રંથપાલ | ₹ ૮૦૦ |
| ૩. વિદ્યાર્થીઓ માટે | ₹ ૩૦૦ |
| ૪. સંઘની સભ્ય ફીના (વાર્ષિક/આજીવન)૨૦૦ અથવા ૧૫૦૦ | ₹ ______________ |
| કુલ ચેકની/ડીડીની રકમ | ₹ ______________ |

સ્થળ :________ નોંધ :- રજીસ્ટ્રેશન કરાવ્યા પછી કેન્સલ થશે તો કોઈપણ પ્રકારનું રિફંડ મળવાપાત્ર નથી.

તારીખ : / /૨૦૨૫ લી.

## ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૧૧મો રાષ્ટ્રીય અને ૪૧મો ગ્રંથાલય પરિસંવાદ,

**ગ્રંથપાલ મિત્રોને 'બુક ઓફ પેપર્સ'માં જાહેરખબર મેળવી આપવા નમ્ર વિનંતી છે.**

**જાહેરખબરના દર નીચે મુજબ છે.**

**સાઇઝ : ૨૪ સે.મી. ૧૭ સે.મી. : આખું પાનું**
**સાઇઝ : ૧૨ સે.મી. ૧૭ સે.મી. : અડધું પાનું**

| | |
|---|---|
| – ચોથું ટાઇટલ પેઇજ મલ્ટી કલરમાં | રૂા. ૧૨,૦૦૦/- |
| – બીજું અને ત્રીજું ટાઇટલ પેઇજ મલ્ટી કલરમાં | રૂા. ૭,૦૦૦/- |
| – મલ્ટી કલરમાં ખાસ પેઇજ : | રૂા. ૭,૦૦૦/- |
| – સામાન્ય પૃષ્ઠ ઉપર : એક પેઇજના | રૂા. ૨,૦૦૦/- |
| – સામાન્ય પૃષ્ઠ ઉપર : અડધા પેઇજના | રૂા. ૧,૫૦૦/- |

દરેક ગ્રંથપાલને વિનંતી નાની-મોટી એક જાહેરાત મોકલશો.

**ચેક તથા જાહેરાતનું મેટર "ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, અમદાવાદ"ને મોકલવા વિનંતી છે.**

**ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૧૧મો રાષ્ટ્રીય અને ૪૧મો ગ્રંથાલય પરિસંવાદ, માધાપર**

**તા. ૦૯ જાન્યુઆરી, ૧૦ જાન્યુઆરી, ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ અને શુક્રવાર, શનિવાર, રવિવાર**

**લેખકો દ્વારા લેખ સાથે ઝેરોક્ષ નકલમાં ભરીને**

**ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, અમદાવાદના ઉપપ્રમુખને નીચેના સરનામે મોકલવાનું ફોર્મ**

**છેલ્લી તારીખ ૩૦ નવેમ્બર ૨૦૨૫**

## Author's Declaration Form

૧. લેખકનું નામ, સરનામું, મોબાઈલ નંબર અને ઇ-મેઈલ (અટક પહેલા લખવી)

નામ : ____________________

સરનામું : ____________________

____________________

____________________ પીનકોડ : ____________________

ઇ-મેઈલ : ____________________ મો. : ____________________

૨. લેખકની જન્મ તારીખ : ____________________ (પાસપોર્ટ સાઈઝનો ફોટો મોકલવો.)

૩. લેખનું શીર્ષક ____________________

૪. લેખ તથા તે રજૂ કરવા માટેની કુલ ફી (દરેક લેખકના રૂા. ૫૦૦ પ્રમાણે) નીચેની વિગતે મોકલેલ છે.

૫. નાણાં ચૂકવણીની વિગતો : (બૅંક, ચેક નં., રકમ, તારીખ વગેરે) અથવા ઓનલાઈન☐ ટીક કરો.

બૅંકનું નામ ____________________ બ્રાંચ ____________________

ચેક નં. ____________________ તારીખ ____________________ ૨૦૨૫

રકમ ____________________ અંકે રૂા. ____________________

૬. લેખની ત્રણ નકલો, સાર સંક્ષેપ સાથે સામેલ કરી છે.

૭. વિદ્યાર્થીએ આ ફોર્મ પોતાના સંસ્થાના વડા દ્વારા મોકલવું જરૂરી છે.

૮. હું/અમો આથી જાહેર કરું છું / કરીએ છીએ કે મારો / અમારો લેખ લખવા માટે લેખકનો ઉલ્લેખ કર્યો કે રેફરન્સ આપ્યા વગર મેં / અમોએ ક્યાંયથી પણ સાહિત્ય ચોરી કરી નથી અને આ લેખ બીજે પ્રસિદ્ધ થયેલો નથી તથા પ્રસિદ્ધ કરવા મોકલ્યો નથી. લેખ માટે હું / અમો સંપૂર્ણ જવાબદાર છું/છીએ. મને/અમને ખબર છે કે આવું કરવાથી અમારી સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

તારીખ :      /      /૨૦૨૫                    લેખકની સહી ____________________

નોંધ : લેખ એક કરતા વધારે લેખકો દ્વારા લખાયેલ હોય તો આ ફોર્મની ઝેરોક્ષ કઢાવવી.
દરેક લેખકે અલગ-અલગ ફોર્મ ભરવાનું છે.

● ઉપપ્રમુખનું સરનામું : નવલસિંહ કે. વાઘેલા - એ/૩, અભિનંદન સ્વામી સોસાયટી, ન્યુ નિકીતા પાર્ક પાસે, ગુરૂકૂળ રોડ, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨. મો. : 98258 36136

**(ચ) ભોજન, રહેઠાણ વગેરેની ફી અંગે :**

રાજા રામમોહન રૉય લાઈબ્રેરી ફાઉન્ડેશન કોલકાતા, ગ્રંથાલય ખાતુ, ગુજરાત રાજ્ય તરફથી આર્થિક અનુદાન આવવાની અપેક્ષાએ ભોજન અને ઉતારા ફી વગેરેમાં યોગ્ય સબસીડી આપ્યા બાદ આ ગ્રંથાલય પરિસંવાદમાં આવવા ઈચ્છતા દરેક પ્રતિનિધિએ પરિસંવાદ દરમ્યાન ચા-નાસ્તા, ભોજન રહેઠાણ અને ડેલીગેટફીની ભેગી રકમ રૂપિયા **૧૦૦૦/- (અંકે એક હજાર રૂપિયા પુરા)** મોકલવાની રહેશે. આ અંકમાં આપેલા ફોર્મની ઝેરોક્ષ કાઢી યોગ્ય માહિતી ભરીને એટપારના ચેકથી અથવા ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, અમદાવાદના નામના ડીમાન્ડ ડ્રાફટથી સંઘના મંત્રીશ્રી કિરીટભાઈ ગંધક્વાલાને તા. ૧૫-૧૨-૨૦૨૫ સુધીમાં મોકલવાની રહેશે. નાણાં મની ઓર્ડરથી કે કોઈ પણ સહકારી બેંકના ચેકથી મોકલવા નહીં. તેમજ બેંક બેલેન્સ સિવાયના ચેક પણ મોકલવા નહીં.

**દરેક નોંધાયેલા પ્રતિનિધિને બુક ઑફ પેપર્સ, કીટ, પેડ, બોલપેન, દરરોજ સવારનો ચા-નાસ્તો, બપોરનું ભોજન, સાંજે ચા તથા સાંજના ભોજન માટેની કુપન બુક, રહેવાની વ્યવસ્થા વગેરે પુરી પાડવામાં આવશે. રજીસ્ટ્રેશન પ્રમાણે વ્યવસ્થા કરેલ હોય બાદમા કેન્સલ થશે તો રિફંડ મળવાપાત્ર નથી.**

વિદ્યાર્થીઓ **₹ ૩૦૦/-,** નિવૃત્ત ગ્રંથપાલો તથા ગુજરાત રાજ્ય ગ્રંથાલય ખાતા તરફથી અનુદાન મેળવતા સાર્વજનિક ગ્રંથાલયના પ્રમુખ, મંત્રી, ગ્રંથપાલે રૂપિયા ૮૦૦/- મોકલવાના રહેશે.

**અનિવાર્ય કારણસર ગ્રંથપાલના પત્ની અથવા પતિને સાથે લાવવાના થાય તો**
**તેની ફી ₹ ૧૨૦૦ રહેશે અને તેઓને કીટ મળવાપાત્ર થશે નહિ.**

જે કોઈ પ્રતિનિધિ આજીવન સભ્ય ન હોય તો તેઓએ **રૂપિયા ૨૦૦/- વાર્ષિક સભ્ય ફી અથવા આજીવન સભ્ય ફી ₹ ૧૫૦૦/-** ઉમેરીને રકમ મોકલવી. દરેક પ્રતિનિધિએ સંઘના સભ્ય થવું ફરજિયાત છે. આ ફી ડેલીગેટ ફીની સાથે મોકલવી ફરજિયાત છે. એટપાર ચેક/ડીડીની પાછળ પ્રતિનિધિએ પોતાનું નામ, સ્થળ અને મોબાઈલ નંબર લખવો ફરજિયાત છે. આપણને સારા પગાર મળે છે માટે દર વર્ષે યાદ કરી વાર્ષિક ફી ભરવી તેના બદલે એક વખત આજીવન ફી **₹ ૧૫૦૦/-** ભરી દેવા અપીલ છે. તેનાથી વહિવટમાં પણ સરળતા રહેશે.

**સ્પોટ રજિસ્ટ્રેશન કરવામાં આવશે નહીં, પરંતુ અનિવાર્ય સંજોગોમાં અપવાદરૂપ કિસ્સામાં સ્પોટ રજિસ્ટ્રેશન કરાવનારને રૂપિયા ૩૦૦/- (ત્રણસો) વધારાના આપવાના રહેશે. (સ્પોટ રજિસ્ટ્રેશન કરાવનારને રહેઠાણની વ્યવસ્થા ખાલી હશે તો અપાશે.)**

**ઉતારા અંગે ખાસ નોધ :** ઉતારાની વ્યવસ્થા જે સંસ્થામાં કરી છે તે સંસ્થાના નિયમ પ્રમાણે તા. ૦૯ જાન્યુઆરીએ સવારે રૂમમાં ચેક-ઈન ટાઈમ છે. આથી આગલા દિવસે કોઈ વ્યવસ્થા મળશે નહિ. જરૂર હોય તો વ્યવસ્થા જાતે કરવાની રહેશે. **મચ્છરની અગરબતી સાથે લાવવી.**

રહેઠાણમાં આશરે ૧૫૦ વ્યકિતની જ રહેવાની વ્યવસ્થા થઈ શકશે. ઉપરોક્ત વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે. આથી રજિસ્ટ્રેશન તુરંત કરાવવું અત્યંત જરૂરી છે.

- રૂમમાં પલંગ / ગાદલા છે. ભાઈઓ અને બહેનો માટે અલગ વ્યવસ્થા છે.

**નોંધ :- છેલ્લી તારીખની રાહ જોયા વગર રજીસ્ટ્રેશન ફી તથા લેખ મોકલી આપવા.**

- વધુ માહિતી પાના નં. ૧૯ ઉપર

## એક-દિવસીય પરિસંવાદનો વિસ્તૃત અહેવાલ
## "વિકસિત ભારત@૨૦૪૭: સંસ્કૃતિ સંરક્ષણ અને સમાજ વિકાસમાં ગ્રંથાલયોની ભૂમિકા"

॥ તારીખ ॥ ૧૦ મે ૨૦૨૫, શનિવાર (વૈશાખ સુદ તેરસ વિ. સં. ૨૦૮૧)

॥ સમય ॥ સવારે ૮.૩૦ થી સાંજના ૪.૩૦ સુધી

॥ સ્થળ ॥ હિરક મહોત્સવ સભાખંડ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

॥ આયોજક ॥ ગ્રંથાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
નિયામકશ્રી, ગ્રંથાલયની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

### પરિસંવાદનો શુભારંભ

ગૂજરાત વિદ્યાપીઠ અને નિયામકશ્રી, ગ્રંથાલયની કચેરી, ગુજરાત રાજ્યના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૦ મે ૨૦૨૫, શનિવાર (વૈશાખ સુદ તેરસ વિ. સં. ૨૦૮૧) ના રોજ "વિકસિત ભારત@૨૦૪૭: સંસ્કૃતિ સંરક્ષણ અને સમાજ વિકાસમાં ગ્રંથાલયોની ભૂમિકા" વિષય પર એક-દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તથા મુખ્ય અતિથિશ્રી તરીકે ડૉ. પંકજભાઈ ગોસ્વામી, નિયામકશ્રી, ગ્રંથાલયની કચેરી, ગુજરાત રાજ્ય, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના પ્રમુખશ્રી પંકજભાઈ બાવિશી ઉપસ્થિત રહ્યા હતા. આ એક-દિવસીય પરિસંવાદનો મુખ્ય ઉદ્દેશ ગ્રંથાલયો અને ગ્રંથાલય વ્યવસાયિકોમાં વિકસિત ભારત તરફના પ્રયાણમાં તેમની ભૂમિકાને સ્પષ્ટ કરવાનો હતો.

પરિસંવાદની નોંધણી Online અને Spot Registration એમ બે રીતે કરવામાં આવી હતી. પરિસંવાદમાં ૩૧૦થી વધુ ગ્રંથાલય વ્યવસાયિકો, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. નોંધણી સ્થળ પર સહભાગીઓને આઈકાર્ડ તથા પરિસંવાદની કિટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

### પ્રથમ ચરણ -ઉદ્ઘાટન સત્ર

ઉદ્ઘાટન સત્રના ઉદ્ઘોષક તરીકે ડૉ. નિખિલભાઈ ગોહેલે જવાબદારી નિભાવી હતી. તેઓ સમગ્ર સત્ર દરમ્યાન સરસ તાલમેલથી કાર્યક્રમની રૂપરેખા અનુસાર ઉદ્ઘાટન સત્રને શરૂથી અંત સુધી લઈ ગયા. ઉદ્ઘાટન સત્રની શરૂઆત ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ પ્રાર્થનાથી થઈ, જેમાં શ્રી જગદીશભાઈ પરીખ અને શ્રીમતી ગાયત્રીબેન પ્રજાપતિએ સુંદર પ્રાર્થના અને પુસ્તક મહિમાના ગીત દ્વારા સમગ્ર સભાખંડને આધ્યાત્મિક ઉર્જાથી ભરી દીધો. અધ્યક્ષશ્રી, મુખ્યઅતિથિશ્રી અને આમંત્રિત મહેમાનોશ્રીઓના વરદ હસ્તે અનુપમ દીપ પ્રાગટ્ય સાથે સમારંભનું વિધિવત્ ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

### સ્વાગત પ્રવચન

ગૂજરાત વિદ્યાપીઠના ગ્રંથપાલ ડૉ. રંજન મકવાણાએ પરિસંવાદના અધ્યક્ષશ્રી માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, ગૂજરાત વિદ્યાપીઠ, મુખ્યઅતિથિશ્રી ડૉ. પંકજભાઈ ગોસ્વામી, નિયામકશ્રી, ગ્રંથાલયની કચેરી, ગુજરાત રાજ્ય ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના પ્રમુખ પંકજભાઈ બાવિશી તથા આમંત્રિત મહેમાનો અને સહભાગીઓનું અભિવાદન અને શાબ્દિક સ્વાગત કર્યું હતું.

ડૉ. રંજન મકવાણા દ્વારા માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલનું ખાદીસૂત્ર દ્વારા સ્વાગત કરવામાં આવેલ, નિયામક ગ્રંથાલય ડૉ. પંકજભાઈ ગોસ્વામીનું ખાદીસૂત્રથી સ્વાગત કરવામાં આવેલ. શ્રીમતી રશ્મિકાબહેન દ્વારા શ્રી પંકજભાઈ બાવિશીનું ખાદીસૂત્ર દ્વારા સ્વાગત કરવામાં આવેલ. અને ડૉ. અતુલભાઈ દ્વારા ડૉ. જયરામભાઈ દેસાઈનું ખાદીસૂત્ર દ્વારા સ્વાગત કરવામાં આવેલ.

પરિસંવાદ વિશેની ઝલક આપતા ડૉ. પ્રદીપ પટેલે પરિસંવાદ વિષયની વ્યાખ્યા, તેના ઉદ્દેશો અને સમગ્ર કાર્યક્રમની રૂપરેખા અંગે ટૂંકમાં મહિતી આપી. તેમણે પરિસંવાદ વિશે સમજાવ્યું કે 'વિકસિત ભારતજ૨૦૪૭' માત્ર આર્થિક વિકાસની યાત્રા નથી, પરંતુ તે સંસ્કૃતિ, શિક્ષણ અને સમાજના સર્વાંગી વિકાસનો દ્રષ્ટિકોણ છે અને તેમાં ગ્રંથાલયોની ભૂમિકા કેન્દ્રસ્થાને છે.

**અતિથિ વિશેષનું સંબોધન**

મુખ્ય અતિથિ ડૉ. પંકજભાઈ ગોસ્વામી, નિયામકશ્રી, ગ્રંથાલય નિયામક કચેરી, ગાંધીનગરે પોતાના પ્રવચનમાં ગ્રામ્ય ગ્રંથાલયોથી માંડીને ડિજીટલ પુસ્તકાલયોની ભૂમિકા ઉપર પ્રકાશ પાડ્યો. તેમણે સરકારના ગ્રામ્ય, શહેર, તાલુકા, અને જિલ્લા ગ્રંથાલયને મળતા અનુદાન અંગે સહભાગીઓને માહિતી આપી હતી. તેમણે ગ્રંથાલય વ્યવસાયિકોને ટૂંક સમયમાં જાહેર ગ્રંથાલયમાં સરકારી ભરતી બહાર પડશે તેવું જણાવ્યું અને રોજગારીની ઊજળી તકો પર પ્રકાશ પાડયો હતો. તેમને આધુનિક સમયમાં ડિજિટલ ગ્રંથાલયની જરૂરિયાતને ધ્યાને લઈને સરકારશ્રી દ્વારા વિશેષ આયોજનો અને યોજનાઓ અમલમાં મૂકવાની છે તેમ જણાવ્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય અને કુલપતિશ્રીને આ પરિસંવાદનું આયોજન કરવા બદલ અભિનંદન અને આભાર વ્યકત કરી પ્રવચન પૂર્ણ કરેલ.

**અધ્યક્ષશ્રીનું સંબોધન**

વિદ્વત્મય અધ્યક્ષશ્રી, ડૉ. હર્ષદભાઈ પટેલે પોતાના ઉદ્બોધનમાં ગૂજરાત વિદ્યાપીઠના છેલ્લા કેટલાક વર્ષોમાં થયેલા પરિવર્તન ઉપર પ્રકાશ પાડયો. તેઓશ્રીએ ગ્રંથાલય વ્યવસાયિકોને ભવિષ્યના સમયને ધ્યાને રાખી ગ્રંથાલય સેવાઓમાં આમૂલ પરિવર્તન લાવવું પડશે અને ઈ-કોમર્સના ધોરણો મુજબની નવીન સેવાઓનો વિકાસ અને અમલ કરવો પડશે. તેઓશ્રીએ વધુમાં, જણાવ્યું કે આ પરિસંવાદ વિકસિત ભારતના લક્ષ્યાંક માટે વિચાર વિમર્શ અને આચરણના માર્ગદર્શન રૂપ મંચ બની રહેશે.

ઉદ્ઘાટન સત્રની અંતે ડૉ. વિરલ આસજોલાએ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. તેમણે ખાસ કરીને કુલપતિશ્રી, નિયામકશ્રી અને તમામ ઉપસ્થિત મહેમાનો તથા સહભાગીઓની ઉપસ્થિતિ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી. ઉદ્ઘાટન સત્ર બાદ ચા-નાસ્તાની વ્યવસ્થા સાથે બીજા સત્રો માટે આમંત્રણ આપવામાં આવ્યું, જેમાં ચાર નિષ્ણાત વ્યાખ્યાતાઓ દ્વારા વિષયગત વિસ્તૃત વિચારવિમર્શ યોજાયો.

**દ્વિતીય ચરણ – વ્યાખ્યાન સત્ર**

દ્વિતીય ચરણમાં ઉદ્ઘોષક તરીકે ડૉ. પ્રદીપ પટેલે જબાવદારી નિભાવી હતી. આ ચરણમાં આમંત્રિત વક્તાઓ દ્વારા વિવિધ વિષયો પર વ્યાખ્યાન આપવામાં આવ્યા હતા.

**વ્યાખ્યાન ૧: "ડિજિટલ યુગમાં પરંપરાગત વાચન સંસ્કૃતિનું મહત્વ અને યુવા વર્ગ"**
**વ્યાખ્યાતા ડૉ. જયરામભાઈ દેસાઈ**

ડૉ. જયરામભાઈ દેસાઈનો પરિચય કરાવતાં ઉદ્ઘોષકે તેમનો વ્યવસાયિક પરિચય આપ્યો અને વ્યાખ્યાન માટે આમંત્રિત કર્યા. જેમાં તેમણે ડિજિટલ યુગમાં પરંપરાગત વાચન સંસ્કૃતિના મહત્વ પર તેની અસર અંગે વિચારવિમર્શ કર્યો. વાચનનું મહત્વ દર્શાવતા તેમણે કહ્યુ કે દરરોજ ૧૦ થી ૩૦ મિનિટનું વાચન કરવું જોઈએ. વાચન દ્વારા તમે ભાષા કૌશલ્ય, લેખન શૈલી તથા વાતચીતની કળા શીખી શકાય છે. આ ઉપરાંત તેઓશ્રીએ મોબાઈલના ઉપયોગ વિશે ટીપણી કરી હતી. તેઓશ્રીના શબ્દોમાં કહીએ તો મોબોઈલનો ઉપયોગ વિવેકથી કરવામાં આવે તો તે આશીર્વાદરૂપ બની શકે તેમ છે. વ્યાખ્યાનના અંતે ડૉ. બટુકભાઈ ગોહેલ (નિવૃત ગ્રંથપાલ, ભાવનગર યુનિવર્સિટી) દ્વારા ડૉ. જયરામભાઈ દેસાઈને સ્મૃતિચિન્હ આપી તેમના યોગદાન માટે આભાર વ્યક્ત કરવામાં આવ્યો. વ્યાખ્યાનના અંતે, પ્રશ્નોત્તરી સત્ર યોજવામાં આવ્યું, જ્યાં આ વિષય સાથે સંકળાયેલી કેટલીક રસપ્રદ ચર્ચાઓ થઈ.

**વ્યાખ્યાન ૨: "ગ્રંથાલય અને NEP 2020: સંકલન અને ભવિષ્યની દિશા" - ડૉ. મયંકભાઈ ત્રિવેદી**

ડૉ. મયંકભાઈ ત્રિવેદીની વ્યાવસાયિક યાત્રાને ધ્યાનમાં રાખીને, ઉદ્ઘોષકે તેમનો પરિચય આપ્યો. બીજું વ્યાખ્યાન ડૉ. મયંકભાઈ ત્રિવેદી દ્વારા આપવામાં આવ્યું, જેમાં તેમણે NEP 2020 અને તેના અંતર્ગત ગ્રંથાલયોની ભૂમિકા તથા ભવિષ્યમાં કઈ રીતે તેને સંકલિત કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું.આ વ્યાખ્યાને NEP 2020 થી સંબંધિત તાત્કાલિક સુધારાઓ પર વિશેષ ભાર મુક્યો. ત્રિવેદી સાહેબે દેશની યુનિવર્સિટીને વર્લ્ડક્લાસ યુનિવર્સિટી બનાવવા માટેની વાત કરી, તેમાં શૈક્ષણિક ક્ષેત્રે યુનિવર્સિટીની બદલાતી ભૂમિકાના સંદર્ભમાં ગ્રંથાલયોની ભૂમિકાના મહત્વ વિશે ધ્યાન દોર્યુ. સંશોધન ક્ષેત્રો બદલાતા ગ્રંથાલયોનું સ્વરૂપ મુજબ ગ્રંથાલય વ્યવસાયિકોએ તૈયાર થવું પડશે. તેમના મતે કોઈપણ યુનિવર્સિટી ગ્રંથાલય વગર નથી હોતી, પરંતુ ગ્રંથાલયો યુનિવર્સિટી વગરના હોય છે. વ્યાખ્યાનને અંતે, ડૉ. શાંતિભાઈ પટેલ, (એમ.જે. લાઈબ્રેરીના નિવૃત ગ્રંથપાલ, અમદાવાદ) દ્વારા ડૉ. મયંકભાઈ ત્રિવેદીનું સ્મૃતિચિન્હ દ્વારા સન્માન કરવામાં આવ્યું. વિષયના સંદર્ભે વ્યાખ્યાનને અંતે પ્રશ્નોતરી તથા ચર્ચાઓ થઈ હતી.

આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહેલ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના પ્રમુખશ્રી પંકજભાઈ બાવિશીએ તેમના ઉદ્‌બોધનમાં હર્ષની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું કે પૂજ્ય મહાત્મા ગાંધીજીની આ પવિત્ર ભૂમિ પર ગ્રંથાલય આનુસાંગિક આ કાર્યક્રમ ઘણાં સમય બાદ યોજવામાં આવેલ છે તેનાથી ઘણોજ આનંદ થયો છે. ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય એક મંદિર છે. આપણાં ભારત દેશના ઘણાં બધાં વંદનીય મહાનુભાવોએ આ ગ્રંથાલયની સેવા મેળવેલ છે. સેવા, સર્મપણ અને જ્ઞાન સમૃધ્ધિ આ ગ્રંથાલય દ્વારા મળે છે. વ્યક્તિગત રૂપે અને સંઘ વતી આ કાર્યક્રમનું આયોજન કરવા બદલ આયોજકોને અભિનંદન આપી આભારની લાગણી વ્યક્ત કરું છું. તેમણે આગામી સમયમાં ગૂજરાત વિદ્યાપીઠ સાથે આવા કાર્યક્રમો આયોજિત કરવાની ઈચ્છા વ્યકત કરી. તેઓશ્રીની વ્યાવસાયિક પ્રતિબધ્ધતા અને યોગદાનને સન્માનિત કરવા ડૉ. પંકજભાઈ ગોસ્વામી અને ડૉ. રંજન મકવાણા દ્વારા શ્રી પંકજભાઈ બાવીશીનું સ્મૃતિચિન્હ આપીને સન્માન કરવામાં આવ્યું.

**વ્યાખ્યાન ૩: ભારત@૨૦૪૭ માટે માહિતી આધારિત સમાજનું નિર્માણ - શૈલેષભાઈ યાજ્ઞિક**

બીજા સત્રના પ્રથમ વ્યાખ્યાતા તરીકે, ડૉ શૈલેષભાઈ યાજ્ઞિકે ભારત@2047 માટે માહિતી આધારિત સમાજના વિકાસ અને તેના માટે ગ્રંથાલયોની ભૂમિકા અંગે વિચારો પ્રસ્તુત કર્યા. ડૉ. યાજ્ઞિકે તેમના અનુભવો અને ભવિષ્યની દિશા આલેખી હતી. ગ્રંથાલયો કેમ હોવા જાઈએ?, સરકારના કાર્યો અને સેવાઓની જાણકારી આપવાની જવાબદારી ગ્રંથપાલોની છે. ગ્રંથપાલોએ માહિતી કેવી રીતે આપવી તે માટે ક્યા ટુલ્સનો ઉપયોગ કરવો, કેવી રીતે ઉપયોગ કરવો અને કેવી રીતે મદદ કરી શકાય તે અંગેની માહિતી આપી હતી. તેમણે MICA Indian Marketing Intelligence (MIMI)ની વાત કરી હતી. એકનું એક કામ ફરી બેવડાય નહી, ગ્રંથાલયોએ સમયનો ઉપયોગ એવી રીતે કરવો કે એમના કામમાં મૂલ્યવર્ધન થઈ શકે. વ્યખ્યાનના અંતે રાજા રામમોહન રાય ગ્રંથાલયના આસિસ્ટન્ટ ડિરેક્ટરશ્રી બાબુભાઈ ચૌધરીના હસ્તે ડૉ. શૈલેષભાઈ યાજ્ઞિકનું સ્મૃતિચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું.

**વ્યાખ્યાન ૪: "સંસ્કૃતિ અને વારસાના સંરક્ષણમાં ગ્રંથાલયોની ભૂમિકા" - ડૉ. બીપીનભાઈ મોદી**

આજના અંતિમ અને અત્યંત મહત્વપૂર્ણ વ્યાખ્યાન, ડૉ. બીપીનભાઈ મોદીએ "સંસ્કૃતિ અને વારસાના સંરક્ષણમાં ગ્રંથાલયોની ભૂમિકા" વિષય પર વ્યાખ્યાન રજૂ કર્યું. તેઓએ પરંપરાગત સંસ્કૃતિ અને વારસાના સંરક્ષણમાં ગ્રંથાલયના અમૂલ્ય યોગદાન વિશે વિસ્તૃત રીતે માહિતી આપી. આ ઉપરાંત તેમને એમ. જે. ગ્રંથાલયના સંચાલનના તેમના અનુભવો વિશે વાત કરી હતી. તેમને ત્યાં સચવાયેલ ગાંધીજીના ઓરીજીનલ

માનપત્રો તથા અમદાવાદના જૂના ફોટોગ્રાફ તેમજ મૂલ્યવાન ગ્રંથો કેવી રીતે સચવાયા છે તેની વિસ્તૃત જાણકારી આપી. વ્યાખ્યાનના અંતે, શ્રીમતી ભારતીબેન દેસાઈ, (નિવૃત કા. ગ્રંથપાલ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)ના હસ્તે ડૉ. બીપીનભાઈ મોદીને સ્મૃતિચિન્હ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.

મુખ્ય અતિથિશ્રી ડૉ. પંકજભાઈ ગોસ્વામી, નિયામકશ્રી, ગ્રંથાલય નિયામક કચેરી, ગાંધીનગર દ્વારા વક્તાઓનો અને ઉપસ્થિત સહભાગીઓનો આભાર વ્યક્ત કર્યો. પરિસંવાદના આયોજન અને સફળતા બાબતે તેમણે ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી, ટ્રસ્ટી મંડળ, તથા ગ્રંથાલયના સર્વે સેવકોનો આભાર વ્યક્ત કર્યો અને ગ્રંથાલય નિયામક કચેરી, ગાંધીનગર દ્વારા ગૂજરાત વિદ્યાપીઠના સહયોગમાં ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો કરવા ઉત્સાહી છે તેમ જણાવ્યું હતું. ડૉ. રંજન મકવાણા દ્વારા તેઓશ્રીનું સ્મૃતિચિન્હ આપીને સન્માન કરવામાં આવ્યું.


**સમાપન :** આ પરિસંવાદનો સમાપન સત્ર ૦૪:૧૫ થી ૦૪:૩૦ સુધી યોજવામાં આવ્યો, જેમાં કાર્યક્રમના સફળ આયોજન અને પ્રતિભાવો સંલગ્ન મહેમાનો સાથે વહેચ્યાં. અંતમાં ચા-નાસ્તો અને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું, અને કાર્યક્રમનું સરસ રીતે સમાપન થયું. પરિસંવાદના સહભાગી પ્રતિનિધિઓ દ્વારા પ્રશ્નોત્તરી અને પ્રતિભાવો વ્યક્ત કરવામાં આવ્યા.

**ફલશ્રુતી**

ગ્રંથાલયોની નવી ભુમિકા અંગે જાગૃતિ મળી. યુવાવર્ગને પથદર્શક વિચાર-વિમર્શ અને સૂચનો મળ્યા.
વિવિધ ગ્રંથાલયો અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સહયોગ સાધી શકાય તેવા દિશાસૂચન મળ્યા.
ગ્રંથાલય સેવાઓ, સુવિધાઓ અને સંગ્રહવિકાસના યોજનની દિશા મળી.
સારાંશરૂપે, આ પરિસંવાદ માત્ર ગ્રંથાલયોના ભવિષ્યને નહીં, પરંતુ ભારતના ભવિષ્ય ઘડવાનું યશસ્વી પ્રયત્ન બન્યો. આદર્શ દૃષ્ટિ, વિચારમંથન અને સહભાગિતાના માધ્યમથી 'વિકસિત ભારત' તરફના માર્ગે એક મજબૂત પગલાં રૂપે આ કાર્યક્રમ નોંધાયો.

**પરિસંવાદના પ્રતિભાવો (ટકાવારીમાં)**

| મૂલ્યાંકન | અસંતોષકારક | ઠીક | સામાન્ય | સંતોષકારક | ખૂબ જ સંતોષકારક |
|---|---|---|---|---|---|
| પરિસંવાદ વિષય પસંદગી | 5.10 | 3.06 | 5.10 | 17.35 | 69.39 |
| વકતાઓનું વ્યાખ્યાન | 6.06 | 2.02 | 7.07 | 16.16 | 68.69 |
| બેઠક વ્યવસ્થા | 5.10 | 4.08 | 2.04 | 18.37 | 70.41 |
| વ્યાખ્યાન સ્થળ અને સુવિધાઓ | 5.15 | 2.06 | 6.19 | 13.40 | 73.20 |
| ભોજન અને અલ્પાહાર વ્યવસ્થા | 6.12 | 1.02 | 6.12 | 16.33 | 68.37 |
| માહિતી અને વિષયચર્ચા | 6.12 | 1.02 | 5.10 | 16.33 | 71.43 |




## સેમિનાર માટે રજીસ્ટ્રેશન કરાવનાર પ્રતિનિધિ માટે સુચના

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ દ્વારા આયોજીત ત્રિદિવસીય ગ્રંથાલય સેમિનારમાં આવવા માટે આપ રજીસ્ટ્રેશન કરાવો છો. જેઓના રજીસ્ટ્રેશન થયા હોય તે સંખ્યા પ્રમાણે રહેવા, જમવા, હૉલ, મંડપ, વગેરેની વ્યવસ્થા કરવામાં આવે છે. બુકિંગ માટે ઍડવાન્સ નાણાં આપી દેવાના હોય છે. દરેક પ્રતિનિધિને ખાસ વિનંતી છે કે રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ આ જો તેનું કૅન્સલ કરાવશો તો કોઈ પણ પ્રકારનું રિફંડ મળવાપાત્ર થશે નહિ. કારણકે આશરે છેલ્લા બે વર્ષથી સેમિનારના કુલ ખર્ચમાં સંઘને લાખ/દોઢલાખનું નુકશાન થાય છે. હાલના સમયમાં જે પગાર ધોરણ આપણને મળે છે તેનાથી આપ ન આવો તો ફક્ત ૧૦૦૦/૮૦૦/૩૦૦ જેવું નજીવું નુકશાન થાય. આપણાં વ્યવસાય માટે આવું નજીવું નુકશાન ક્યારે શું આપણે ન ભોગવી શકીએ

### ગુજરાત ગ્રંથાલય સેવા સંઘની બેન્ક માહિતી

બેન્કનું નામ : બેન્ક ઑફ બરોડા, ઉસ્માનપુરા બ્રાન્ચ, અમદાવાદ.

ખાતા નંબર : ૦૯૩૩૦૧૦૦૦૦૧૪૦૫

ખાતાનો પ્રકાર : સેવિંગ્ઝ

માઈકર કોડ : ૩૮૦૦૧૨૦૪૪

IFSC Code : BARB0USMANP

આપ બેન્કમાં જે નાણાં મોકલો તેની વિગત કિરીટભાઈ ગંધકવાલાને તેમના મો. નંબર ૯૮૭૯૯૫૩૯૬૬ માં વોટ્સએપ પર મોકલી આપવી.

### સેમિનારના રજીસ્ટ્રેશન અંગેની વિગત

(૧) ભોજન-રહેઠાણ-ડેલીગેશન ફી ₹ ૧,૦૦૦

(૨) નિવૃત્ત ગ્રંથપાલ અને ગ્રંથાલય ખાતાની ગ્રાન્ટ મેળવતા સાર્વજનિક ગ્રંથાલય ના ગ્રંથપાલો ફી ₹ ૮૦૦

(૩) વિદ્યાર્થીઓ (તેઓ જ્યાં અભ્યાસ કરે છે તેના વડાનો દાખલો જરૂરી છે.) ફી ₹ ૩૦૦

**નોંધ : કોઈપણ જગ્યાએ સર્વિસ કરતાં ગ્રંથપાલ જો Ph.D. કરતાં હોય તો તેની કક્ષા વિદ્યાર્થીની કેટેગરીમાં ગણાશે નહિં.**

## તમે પુસ્તકની સુગંધ લીધી છે ?

કૉલેજના રિયુનિયનમાં મિત્રો ભેગા થયા... જીવનન તડકી-છાંયડીની વાતો દરમ્યાન પરિવાર, સંતાનોની પ્રગતિ, ભૌતિક સુખ-સગવડની ચર્ચા થઈ... ડાયાબિટીસ, બ્લડપ્રેશર ઘર કરી ગયા છે એનોય ઉલ્લેખ થયો, સફળ બિઝનેસમેન બની ગયેલા એક સજ્જને સામે બેઠેલા મિત્રને કહ્યું... તારી ફિટનેસ, પ્રફુલ્લિતતાનું રહસ્ય શું ? સસ્મિત જવાબ મળ્યો. મિત્ર... એવા મિત્ર જેની સાથે દેશ-વિદેશની સહેલગાહ કરું છું... મહાપુરુષોના પરિચયમાં આવું છું ને દિલચશ્પ સ્ટોરીઝ જાણવા મળે છે. વિસ્મયથી જોઈ રહેલા સૌ મિત્રો વચ્ચે પ્રફુલ્લિત સજ્જને રહસ્યસ્ફોટ કરતાં કહ્યું... એ મિત્ર અટલે બુક્સ... પુસ્તકો... મારાં વ્યક્તિત્વ, માનસિક તંદુરસ્તીનું શ્રેય પુસ્તકોને જાય છે.

બુક્સ કે પુસ્તકો ખરેખર જીવનનો ચમત્કાર છે. આજે નવી પેઢી ઈ-બુક્સ વાંચે છે. શાળાઓના સ્માર્ટ ક્લાસમાં પુસ્તક વિના ભણતર કરાવાય છે. પણ પુસ્તક - હાર્ડ કોપી વિના બધું વ્યર્થ છે.

પુસ્તકની એક સુગંધ હોય છે. અઢી-ત્રણ દાયકા પહેલાંનો અદ્ભુત સમય યાદ કરીએ તો દિલ - દિમાગમાં રોમાંચ આનંદની લહેર ફરી વળે, ભુજમાં વિજયરાજજી પુસ્તકાલય કે મિડલ સ્કૂલ ગ્રાઉન્ડ સ્થિત સરકારી ગ્રંથાલય ખૂલવાના સમય પહેલાં વાંચવાવાળા પહોંચી ગયા હોય... એ જમાનો અખબારો સાથે સામયિકોનો હતો. ચિત્રલેખા સાથે બીજું રંગતરંગ, કુમાર, અખંડ આનંદ, કાંતિ ભટ્ટનું અભિષેક, આસપાસ, માયાપુરી, ફલેશ, ઈલીસ્ટ્રેટેડ વિકલી, સ્ટેન્ડમાં ગોઠવાય ને બે દિવસમાં તો આખેઆખા વંચાઈ જાય. પુસ્તકો સાથેની મિત્રતાનો એ સુવર્ણ દોર, નવાં પુસ્તક ઈસ્યૂ થવા માટે આવી ગયાં હોય. ગ્રંથપાલ બચુભાઈ અંતાણી સાથે સારી ઓળખાણ... એડવાન્સમાં પસંદગીનાં પુસ્તક વાંચવા લઈ જવા મળે. હરકિશન મહેતા, અશ્વિન ભટ્ટ, વિઠ્ઠલ પંડ્યા, ગૌતમ શર્મા જેવા દિગ્ગજોની દળદાર નવલકથાને હાથમાં લઇએ ને પૃષ્ઠ - પ્રિન્ટિંગની શાહીની સુગંધથી મન તરબતર થઇ જાય...

આજે ડીઓ-પર્ફ્યુમનો જમાનો છે પણ પુસ્તક ખોલી, વચ્ચે નાક રાખીને શ્વાસ લેશો તો જણાશે કે આનાથી શ્રેષ્ઠ બીજી સુગંધ હોઇ જ ન શકે.

પુસ્તકોની કથા માંડવાનું નિમિત્ત પૂરું પાડ્યું છે વિશ્વ પુસ્તકપ્રેમ દિવસે. ૯મી ઓગસ્ટે વર્લ્ડ બૂક લવર્સ દિવસ મનાવાય છે. પુસ્તક વિશે ઘણી સારી વાતો કહેવાઇ છે. પુસ્તક એવી ભેટ છે જે વારંવાર ખોલીને તેનો આનંદ લઈ શકો છો. પુસ્તકપ્રેમી હજારો જીવન જીવે છે... મરવા પહેલાં જ્યારે કદી વાંચ્યું નથી એ એક જ જીવન જીવે છે. પુસ્તક વાંચો છો ત્યારે વાચકના મનમાં ચલચિત્ર રચાય છે. એટલે જ ઘણીવાર ફિલ્મ જોયા પછી કહેવું પડે છે. પુસ્તક વધુ સારું હતું. પુસ્તક જેવો કોઇ વફાદાર મિત્ર નથી. પુસ્તક વિનાનો ખંડ આત્મા વિનાના શરીર જેવો છે. પુસ્તકો વાંચીને તમે ખૂબ સારું શીખી શકો, લખી શકો અને ખુદ બોધપાઠ ભણી શકો છો. વાંચનની ટેવ હશે તો જીવનમાં કદી એકલા નહીં પડો.

પુસ્તકો અને વાંચનના મહત્ત્વ વિશે ખજાનો ભરીને કહેવાયું છે, ઇન્ટરનેટનું ચલણ વધ્યા પછી પુસ્તકનું મહત્ત્વ ઘટયું નથી. આજે પણ લાખો પુસ્તકો વેચાય છે-વંચાય છે. કેટલાય સર્વેમાં સૌએ કબૂલ્યું છે કે, ઓનલાઈન વાંચવાનું ગમતું નથી, ફાવતું નથી. પુસ્તક હાથમાં પકડયું હોય ને ઘરમાં ડ્રોઇંગરૂમમાં કે બેડરૂમમાં લંબાવીને કે બગીચામાં, દરિયા કિનારે એકાંતમાં વાંચવાની મજા અદ્ભુત છે. પુસ્તકપ્રેમ જાળવવા માટે અનેક સંસ્થાઓ દ્વારા પ્રયાસ થઇ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૫માં જ 'વાંચે ભારત' ઝુંબેશનું એલાન કર્યું હતું. જાણીતા ચિંતક ગુણવંત શાહ લખે છે -પુસ્તકો તરફથી મનુષ્યને શું મળ્યું ? જવાબ છે વિસ્મય, વિચાર અને વિવેક.

સાચા મિત્ર એવા પુસ્તકોનો પ્રચાર-પ્રસાર કરવાની જરૂર છે... ભેટ-સોગાદોમાં ભૌતિક ચીજવસ્તુઓ જ શા માટે ? કાર્યક્રમના સ્વાગતવિધિમાં શાલ પુષ્પગુચ્છને બદલે પુસ્તકોને સ્થાન અપાય તો સાહિત્યની કે સુટેવની સેવા થઈ લેખાશે.

બૂક લવર્સ ડે-પુસ્તક પ્રેમ દિવસ ૯મી ઓગસ્ટે આપણે થોડાં મનગમતાં પુસ્તક વસાવવા જોઇએ... કે મિત્રો-સ્નેહીજનોને ભેટ આપવા જોઇએ. નવા જમાનામાં પુસ્તકનો ક્રેઝ ઘટયો હોય એવું બિલકુલ નથી. અમેરિકામાં દર વર્ષે ૨૨ લાખથી ૨૪ લાખ નવા પુસ્તક પ્રસિદ્ધ થાય છે. વિશ્વ સ્તરે આ આંકડો ૪૦ લાખને આંબી જાય છે. બૂક ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાના સત્તાવાર આંક પ્રમાણે ભારતમાં વર્ષે ૯૦ હજારથી ૧,૧૦,૦૦૦ નવી બૂક્સ બજારમાં મૂકાય છે. અલબત્ત, આપણો દેશ બહુભાષી હોવાથી પ્રાદેશિક સ્તરે થતાં પુસ્તક પ્રકાશન અને સર્જનોની કેટલી નોંધ લેવાતી હશે એ કહેવું મુશ્કેલ છે. **– દિપક માંકડ**

## લાઈબ્રેરી અને ઈન્ફોર્મેશન સાયન્સ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનાર MSUના ડૉ. મયંક ત્રિવેદીને દેશના શ્રેષ્ઠ લાઈબ્રેરિયનનો એવૉર્ડ એનાયત



લાઇબ્રેરી અને ઈન્ફોર્મેશન સાયન્સ ક્ષેત્રે દાયિત્વપૂર્વક અને અનુપ્રેરક કારકિર્દી ધરાવતા ડૉ. મયંક ત્રિવેદીને સોસાયટી ફોર ધ એડવાન્સમેન્ટ ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ દ્વારા ૨૦૨૪ના ડૉ. હરીશ ચંદ્રા - સુશીલા ચંદ્રા નેશનલ બેસ્ટ લાઈબ્રેરિયન એવોર્ડ માટે પસંદ કરાયા છે. તાજેતરમાં ચેન્નઈની B.S. અબ્દુર રહેમાન સન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ & ટેકનોલોજી ખાતે યોજાયેલાં એવોર્ડ સમારોહમાં MSUના લાઈબ્રેરીયન ડૉ. મયંક ત્રિવેદીને દેશના શ્રેષ્ઠ લાઈબ્રેરિયનનો એવોર્ડ એનાયત કરાયો છે.

૨૦૦૪થી શરૂ થયેલો આ એવોર્ડ LIS ક્ષેત્રે દેશના શ્રેષ્ઠ વ્યાવસાયિક સન્માન તરીકે ગણાય છે. વર્ષ ૨૦૨૪ માટે ૧૫૦થી વધુ લોકો પૈકી ડૉ. મયંક ત્રિવેદીની પસંદગી કરી છે. ડૉ. ત્રિવેદીએ ઈગ્નુ, BAOU, ગુજરાત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, VNSGU, પારુલ યુનિવર્સિટી સહિત દેશની વિવિધ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં વિશેષજ્ઞ, પેપર સેટર, સિલેબસ કમિટી સભ્ય તરીકે યોગદાન આપ્યું છે. તેઓ BAOUના વડોદરા કેન્દ્રના સંકલક તરીકે ડિસ્ટન્સ લર્નિંગ ક્ષેત્રે છેલ્લા ૫ વર્ષથી કામગીરી કરી રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ અનેક વિદ્યાર્થીઓએ લાઈબ્રેરી અને ઈન્ફોર્મેશન સાયન્સ ક્ષેત્રે સફળ કારકિર્દી બનાવી છે. તેઓ UPSC, MPPSC, GSET અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પણ તેઓ પેપર સેટર તરીકે કાર્યરત છે. ઉપરાંત, તેઓ અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલોના એડિટોરિયલ બોર્ડમાં સલાહકાર તરીકે જોડાયેલા છે.

તેમણે કાડિલા લેબ્સ લિમિટેડમાં ઈન્ફોર્મેશન સાયન્ટિસ્ટ તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી હતી અને R&D લાઇબ્રેરીને ઓટોમેશન દ્વારા આધુનિક રૂપ આપ્યું હતું. ત્યારબાદ તેમણે પ્રમુખસ્વામી મેડિકલ કોલેજ સહિત અન્ય કોલેજોમાં નવી લાઈબ્રેરી સ્થાપી હતી. લાઈબ્રેરી અને ઈન્ફોર્મેશન સાયન્સ ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપવા બદલ તેમને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના એવોર્ડ પ્રાપ્ત થયાં છે. તામિલનાડુ ખાતે કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ ડૉ. મયંકભાઈ ત્રિવેદીની આ ઉપલબ્ધિ માટે ખરા હૃદયથી હાર્દિક શુભેચ્છા અને અભિનંદન પાઠવે છે.

**Gujarat Public Trusts Act, 1950**

**SCHEDULE VIII**

**( See rule 17 (1))**

**Name of the Public Trust :** GUJARAT GRANTHALAY SEVA SANGH

**Address:-** 4A LAXMINARAYAN SOCIETY, ASHRAM ROAD, USMANPURA AHMEDABAD 380013

**Balance Sheet as at 31ST MARCH 2025,** **Registration No.:-** E/3172/ AHMEDABAD

**Bank Account No of Trust for Foreign Transaction Contribution : Not Applicable FCRA No : Not Applicable**

| FUNDS & LIABILITIES | Rs. | Rs. | PROPERTY & ASSETS | Rs. | Rs. |
|---|---|---|---|---|---|
| **Trust Funds or Corpus :** | | | **Immovable Properties :** | | |
| | | | Balance as per last Balace Sheet | NIL | |
| Balance as per last Balance Sheet | 0 | | Additions during the year | NIL | |
| Adjustment during the year (give details) | 0 | 0 | **Less Depreciation Up to Date** | NIL | NIL |
| **Other Earmarked Funds :** | | | **Movable Properties** | | |
| Reserve Fund _P C Shah Memorial Fund | 207345 | | Balance as per last Balace Sheet | NIL | |
| Indubhai Buch Tejasvi Vidyarthi Medal Fund | 302000 | | | | |
| Any Other Fund-Life Membership Fund | 360711 | | **Add:** Addition during the year | NIL | NIL |
| Add : Received During the Year, | 15000 | 885056 | | | |
| | | | **Investments** | | |
| | | | **Advance** | | |
| **Loans (Secured or Unsecured)** | | | To Trustees | NIL | |
| From Trustees | NIL | | To Employees | NIL | |
| From Others | 1000 | 1000 | To Tds Receivable | 22783 | |
| | | | To Interest Receivable | 13881 | |
| | | | To Others : | | |
| **Liabilities :** | | | | | 36664 |
| Sundry creditors | | NIL | **Cash and Bank Balances** | | |
| | | | (i) In SB A/c.with : | | |
| | | | - Bank of Baroda | 641510 | |
| | | | (ii) Fixed Deposit with Bank/NBFC | 3361266 | |
| | | | (iii) Cash on hand | 297 | 4003073 |
| | | | **Income and Expenditure Account:** | | |
| **Income and Expenditure Account :** | | | Balance as per Balance Sheet | NIL | |
| Balance as per last Balance Sheet | 2942302 | | **Add : Deficits/Less Surplus** | | |
| **Add: Deficits/Less Surplus** | | | As per income and expenditure Account | NIL | NIL |
| As per Income & Expenditure Account | 211379 | 3153681 | | | |
| **Total Rs.** | | **4039737** | **Total Rs.** | | **4039737** |

The above Balance sheet to the best of my/our belief contains the true account of the funds and liabilities and of the property and asset of the trust

As per our report of even date
**FOR, H S K & CO LLP**
**Chartered Accountants**
**FRN : 117014W/W100685**

P.M. Bavishi
**Trustee**

**Place : Ahmedabad**
**Date : June 2, 2025**
**Name of Trustee : Pankaj M. Bavishi**
**Address: 5 Minish Society, Ankur Road, Naranpura, Ahmedabad-380013**
**Phone No. 6351405727**

H S K & CO LLP * CHARTERED ACCOUNTANTS * AHMEDABAD

**SUDHIR S SHAH**
**(Partner)**
**M.No : 115947**
**UDIN No. :25115947BMKZOC3430**

# ગૂજરાત વિદ્યાપીઠનાં એક દિવસીય પરિસંવાદની તસ્વીરો



કુલપતિશ્રી ડો. હર્ષદભાઈ પટેલનું ખાદીસૂત્ર દ્વારા સ્વાગત
કરી રહેલા ડો. રંજનબહેન મકવાણા



સંઘ પ્રમુખ પંકજભાઈ બાવિશીનું ખાદીસૂત્ર દ્વારા સ્વાગત
કરી રહેલા શ્રીમતી રશ્મિકાબહેન



વિષય તજજ્ઞ ડો. જયરામભાઈ દેસાઈનું ખાદીસૂત્ર દ્વારા
સ્વાગત કરી રહેલા ડો. અતુલભાઈ



ડો. જયરામભાઈ દેસાઈને સ્મૃતિચિન્હ
અર્પણ કરતા ડો. બટુકભાઈ ગોહેલ



વિષય તજજ્ઞ ડો. મયંકભાઈ ત્રિવેદીને સ્મૃતિચિન્હ
અર્પણ કરતા ડો. શાન્તિભાઈ પટેલ



વિષય તજજ્ઞ ડો. શૈલેષભાઈ યાજ્ઞિકને સ્મૃતિચિન્હ
અર્પણ કરતા શ્રી બાબુભાઈ ચૌધરી



વિષય તજજ્ઞ ડો. બિપિનભાઈ મોદીને સ્મૃતિચિન્હ
અર્પણ કરતા શ્રીમતી ભારતીબહેન દેસાઈ



વિષય તજજ્ઞના વ્યાખ્યાન પછી તે વિષયની વધુ જાણકારી માટે
મંત્રી કિરીટભાઈ ગંધકવાલા પ્રશ્ન પુછી રહ્યા છે.

# ગૂજરાત વિદ્યાપીઠનાં એક દિવસીય પરિસંવાદની તસ્વીરો





દીપ પ્રાગટ્ય કરી રહેલા કુલપતિશ્રી ડો. હર્ષદભાઈ પટેલ તથા ગ્રંથાલય નિયામકશ્રી
ડો. પંકજભાઈ ગોસ્વામી, પંકજભાઈ બાવિશી, ડો. પ્રેયતકર, ડો. બિપિનભાઈ મોદી




મંચ પર ડો. હર્ષદભાઈ, ડો. પંકજભાઈ, ડો. બિપિનભાઈ,
ડો. કાનડિયા, ડો. દેસાઈ, પંકજભાઈ, રંજનબહેન



એક દિવસીય પરિસંવાદના ઉદ્‌ઘાટન બાદ અધ્યક્ષ
કુલપતિશ્રી ડો. હર્ષદભાઈ પટેલ પ્રાસંગોચિત પ્રવચન કરે છે.




ગ્રંથાલય નિયામકશ્રી ડો. પંકજભાઈ ગોસ્વામી અને
સંઘ પ્રમુખ પંકજભાઈ બાવિશી પ્રસંગોચિત ઉદ્‌બોધન કરે છે.



સંઘ પ્રમુખ પંકજભાઈ બાવિશીને સ્મૃતિચિન્હ અર્પણ
કરતા ડો. પંકજભાઈ ગોસ્વામી અને ડો. રંજનબહેન મકવાણા

**બુક-પોસ્ટ - પ્રિન્ટેડ મેટર**

મોકલનાર :
પંકજકુમાર એમ. બાવિશી (પ્રમુખ)
ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫-મનીષ સોસાયટી,
સુંદરનગર પાસે, અંકુર રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
મો. : ૬૩૫૧૪૦૫૭૨૭